॥ तस्य वाचकः प्रणवः ॥

ઋતમ્‌ભરા

આત્મનો હિતાય જગતઃ સુખાય

'યોગ'ભિક્ષા લાવીઓ, 'ભિક્ષુ'બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.

PRINTED BOOK

આમંત્રણ

ગુરુપૂર્ણિમા મહોત્સવ

ઓમ્ પરિવારના ઉપક્રમે, તા. ૨૯-૭-૮૮ ને શુક્રવારના રોજ પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીની નિશ્રામાં ગુરુપૂર્ણિમા મહોત્સવની ઉજવણીનો કાર્યક્રમ નિર્ધારેલ છે. સર્વે ગુરુપ્રેમીઓને આ પ્રસંગે પધારવાનું હાર્દિક આમંત્રણ છે.

સ્થળ : ઇચ્છાભેનની વાડી, પુષ્પકુંજ પાસે,
મણીનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.

સમય : સવારે ૭ થી બપોરે ૨ વાગ્યા સુધી

તા. ક. : પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી રચિત 'પ્રેરણાસિંધુ' નામની પુસ્તિકાનું વિમોચન ઉપરોક્ત કાર્યક્રમ દરમ્યાન નિર્ધારેલ છે.

" ગુજરાત સમાચાર" દૈનિકની દર શુક્રવારની અભિવ્યકિત પૂર્તિમાં "પ્રેરણાબિંદુ" શીર્ષક હેઠળ પ. પૂ. યોગભિક્ષુજી લિખિત જે લેખો પ્રગટ થતા હતા તેનું સંકલન કરીને "પ્રેરણાસિંધુ" નામની પુસ્તિકા પ્રગટ થઇ રહી છે.

સર્વે ગુરુપ્રેમીઓ વતિ
વ્યવસ્થાપક સમિતિના
જયનારાયણ-જય ઓમ્ ગુરુદેવ

ઋતમ્ભરા

(ઋતમ્ભરા એટલે અનુભવયુક્ત સત્યથી ભરેલું)

(બહુજન હિતાય-બહુજન સુખાય)

અંક : ૧ વર્ષ : ૫ માનદ તંત્રી : નૈષધ વ્યાસ

તંત્રીસ્થાનેથી

વાચક મિત્રો,

આ અંક સાથે 'ઋતમ્ભરા' પાંચમા વર્ષમાં પ્રવેશ કરે છે. છેલ્લા ચાર વર્ષથી આપ સૌ દ્વારા મળેલ સહકારના કારણે જ આ શક્ય બન્યું છે એ નિર્વિવાદ છે અને આપનો એ સહકાર જ અમારા ઉત્સાહનું મુખ્ય કારણ છે. તેથી આપ સૌનો અહીં આભાર માનવો એ ઔપચારિકતા નહીં ગણાય.

આપ સૌની સાથે સાથે પ્રકાશનસમિતિનો પણ ખુ આભાર માનું કારણકે આ સામયિકમાં રજૂ થતા સાહિત્યનું સ્તર જળવાય તેનો તો તેઓ પૂરતો ખ્યાલ રાખે જ છે પરંતુ એ સિવાયના પ્રકાશનના બીજા તમામ વિભાગોનું તેઓ ખૂબ ચીવટથી કાર્ય કરે છે અને એટલા માટે જ 'ઋતમ્ભરા' તેના મુખપૃષ્ઠથી માંડીને છેલ્લા પાના સુધી આકર્ષક બને છે. કદાચ સારા પ્રકારની સ્ટેશનરીના ઉપયોગના કારણે આ સામયિક થોડું વધુ ખર્ચાળ છે પરંતુ તેનું સ્તર જોતાં એ બાબત ક્ષમ્ય છે.

બીજી એક વાત. તા. ૧૧-૭-૮૭ના રોજ એ.મૂ.પરિવારના ઉપક્રમે "ગુરુપૂર્ણિમા મહોત્સવ" ઊજવાયો. આ કાર્યક્રમનો આંખે દેખ્યો અહેવાલ, પ. પૂ. ગુરુદેવ શ્રી યોગમિત્રુજીના સંપૂર્ણ પ્રવચનો સહિત આ અંકમાં રજૂ થઈ રહ્યો છે. આ કારણસર દરેક અંકમાં પ્રગટ થતો લેખ 'મુક્તા' (પાતંજલ યોગદર્શન – સમાધિપાદ) આ અંકમાં પ્રગટ કરી શકાયો નથી. અરતુ

: લવાજમના દર :

વાર્ષિક સભ્ય (ભારતમાં)	રૂા.	૧૦-૦૦
આજીવન સભ્ય	,,	રૂા. ૨૦૦-૦૦
વાર્ષિક સભ્ય (પરદેશમાં)		૭ ડોલર
આજીવન સભ્ય	,,	૨૦૦ ડોલર

: લવાજમ મોકલવાનું સ્થળ :

(૧) ડૉ. સોમાભાઈ એ પટેલ
૧-અ, પલિયડનગર, સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

(૨) નૈષધ ચંદ્રવદન વ્યાસ
૩ ગંગાધર સોસાયટી, રામબાગ પાછળ, મણીનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.

સૂચના : લવાજમ ચેક દ્વારા અથવા મનીઓર્ડર દ્વારા 'ઓ પ્રે. પ્ર ટ્રસ્ટ'ના નામે મોકલવું સાથે આપનું પૂરું નામ અને સરનામું શુદ્ધ અક્ષરોમાં લખવું.

ગુરુપૂર્ણિમા મહોત્સવનો અહેવાલ

(આ નિમિત્તે ઘણા ભાઈ-બહેનોએ ચાર માસ માટે તીખો રસ અને તળેલું નહીં ખાવાનો લીધેલો સંકલ્પ)

● સંકલન – નૈષધ વ્યાસ

ઓમ્ પરિવારના ઉપક્રમે તા. ૧૧-૭-૮૭ના રોજ "ગુરુપૂર્ણિમા મહોત્સવ" ઊજવાયો. બીજા બધા 'ઉત્સવો' છે પરંતુ ગુરુપૂર્ણિમા 'મહા-ઉત્સવ' છે.

ઓમ્ પરિવારના ઉપક્રમે અનેક ઉત્સવો યોજાતા રહે છે પરંતુ 'ગુરુપૂર્ણિમા-મહોત્સવ'નો કાર્યક્રમ એ વિશિષ્ટ કાર્યક્રમ છે. આ કાર્યક્રમમાં હાજરી આપવા અને તે નિમિત્તે ગુરુદર્શન-પૂજનનો લાભ લેવા અનેક ગુરુપંથાવલંબીઓ ઘણે દૂરદૂરથી આવતા હોય છે. પરગામથી આવનારા માણસો આગલા દિવસે જ આવી ગયા હતા અને તેમના ઉતારાની વ્યવસ્થા આયોજકોએ કાર્યક્રમના સ્થળ ઇચ્છાબેનની વાડીએ જ કરી હતી

ગુરુપૂર્ણિમાના દિવસે સવારે છ વાગ્યાથી કાર્યક્રમની શરૂઆત થઈ. બરાબર છ વાગે પ્રણવ વંદના, પ્રણવ જપ મહાત્મ્ય અને પ્રણવઅષ્ટક ગાઈને સૌએ કાર્યક્રમનો પ્રારંભ કર્યો. ત્યારબાદ આઠ વાગ્યા સુધી સંગીતમય ગાયત્રીમંત્રનો વાચિક જાપ કરવામાં આવ્યો. અનેક માણસો એકસાથે અનન્ય ભાવપૂર્વક એકલયમાં ગાયત્રીમંત્રના વાચિક જાપ કરતા હતા તેથી વાતાવરણ ખૂબ દિવ્ય થઈ ગયું હતું. ગાયત્રીમંત્રના વાચિક જાપ બાદ સ્વાધ્યાયનો કાર્યક્રમ શરૂ થયો. સ્વાધ્યાય ચાલુ જ હતો ત્યારે લગભગ સાડા આઠ વાગે પ. પૂ. ગુરુદેવ શ્રી યોગિભક્ષુનાં પુનિત પગલાં કાર્યક્રમના સ્થળે મંડાયાં

છેલ્લાં ત્રણેક દિવસથી પૂજ્યશ્રીને જોરદાર ટચકિયુ (કમરના ઉપરના ભાગમાં દુખાવો) થઈ ગયું હતું અને ગઈ કાલે રાત્રે તો એવું જોરદાર હતું કે પૂજ્યશ્રી સીધા ચાલી જ નહોતા શકતા, કમરેથી કાટખૂણે વળીને ચાલતા હતા. પૂજ્યશ્રીના પ્રેમીઓને, આયોજકોને એવો ડર હતો કે પૂજ્યશ્રી કાલના કાર્યક્રમમાં હાજરી નહીં આપી શકે. પરંતુ આજે પૂજ્યશ્રીને હોલમાં પધારેલા જોઈ સૌને આનંદાશ્ચર્ય થયું! આજે પૂજ્યશ્રી ઘણા સ્વસ્થ જણાતા હતા. મંચ ઉપર આવી તેઓશ્રીએ આસન ગ્રહણ કર્યું આ દરમ્યાન સ્વાધ્યાયનો કાર્યક્રમ ચાલુ જ હતો. સ્વાધ્યાય બાદ થોડો સમય ધ્યાનનો કાર્યક્રમ હતો ધ્યાન વધુ દૃઢ થાય તે માટે પૂજ્યશ્રીના પ્રયત્ન પણ ચાલુ જ હતા –

"લાલી મેરે લાલકી, જિત દેખો તિત લાલ; લાલી દેખન મૈં ગઈ, મૈં ભી હો ગઈ લાલ – આવા તન્મય થઈ જવાનું છે આપણે ધ્યાનમાં. નિરાકારને આપણે જાણી-જોઈ શકીએ નહીં, મનગમતો આકાર આપી શકીએ નહીં પરંતુ સાકાર જગતને આપણે આકાર આપી શકીશું; એ આપણા હાથની વાત છે, એ સહેલું છે. મંદિરમાં, મંદિર બહાર, સ્ત્રીમાં, પુરુષમાં, જગતના પદાર્થો વગેરે તમામે તમામ આકારો છે, તે આપણા ગુરુનો આકાર ધારણ કરી લે. જ્યાં જોઈએ ત્યાં એ (ગુરુ). પછી પ્રપંચનો ભય ક્યાં? અને જ્યાં પ્રપંચની ગેરહાજરી હોય ત્યાં ધ્યાન-એકાગ્રતા અવશ્ય પ્રાપ્ત કરી શકાય."

મંત્રમુગ્ધ થઈ સૌ સાંભળી રહ્યા હતા અને ધ્યાન કરવાનો, એકાગ્રતા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. પૂજ્યશ્રીનું માર્ગદર્શન ધ્યાનને દૃઢ કરવામાં સહાયભૂત થઈ રહ્યું હતું. થોડા સમય બાદ સૌએ દીર્ઘ પ્રણવોચ્ચાર કર્યો ધ્યાન બાદ પૂજ્યશ્રીએ અત્યાર સુધી થયેલ કાર્યક્રમ અને હવે પછીના કાર્યક્રમ અંગેની કેટલીક રસપ્રદ વાતો કરતાં જણાવ્યું કે :

"સવારે છ થી આઠ તમે સૌએ સંગીતમય ગાયત્રીમંત્રના વાચિક જાપ કર્યા. સંગીતમય ગાયત્રીમંત્ર! જે કાર્યક્રમ અમે કરનાળીમાં રાખ્યો તો. સાત દિવસ

સુધી અખંડ, સંગીન સાથેનો ગાયત્રીમંત્રનો જપયજ્ઞ ચાલેલો. ચાણોદમાં દંડી સંન્યાસીના મઠમાં બ્યાસી વર્ષના દંડી સંન્યાસી મહારાજને એ વાતની ખબર પડી તો એ દોડતા દોડતા આપણા કાર્યક્રમમાં ભાગ લેવા આવ્યા. દંડી સંન્યાસી મહારાજને આપણે આમંત્રણ આપીએ તોય ભાગ્યે જ તેઓ નીકળી શકે, એવા બધા એમને નિયમો હોય. પણ એમને ખબર પડી કે ગાયત્રી-મંત્રનો અખંડ જપયજ્ઞ એક સપ્તાહ સુધી છે અને વળી સંગીતમય છે, ત્યારે એમની મેળાએ જાતે આવ્યા, અમારી સાથે બેઠા, અમારી સાથે પ્રસાદ લીધો અને બે વખત અમને ઊભા થઈ થઈને બધામાં લીધા. તેઓ અમને કહે કે, 'મારા જીવનમાં કદી ગાયત્રીમંત્રની આવી ધૂન સાંભળી નથી! અમે કીધું, 'મહારાજશ્રી, આપે ક્યાંથી સાંભળી હોય? કરનાળીમાં જે પ્રયોગ થયો તે તો વિશ્વમાં પ્રથમ પ્રયોગ છે.

"તો આવા મહાદુર્લભ કાર્યક્રમમાં ભાગ ન લઈ શક્યાં હોય તેઓ પણ ભાગ લઈ શકે, લાભ લઈ શકે એટલા માટે આપણા આયોજકોએ સવારના છ થી આઠનો સંગીતમય ગાયત્રીમંત્રજાપનો કાર્યક્રમ રાખેલો. પણ ભાગ્યની વાત છે; આ કાર્યક્રમમાં ભાગ લેવા કોઈ મુંબઈથી આવ્યા છે, કોઈ વલસાડથી આવ્યા છે, કોઈ હળવદથી આવ્યા છે, કોઈ કયાંથી આવ્યા છે ને કોઈ કયાંથી આવ્યા છે અને છતાંય ભાગ નહીં લઈ શક્યાં હોય. કોઈ આ કાર્યક્રમમાં ભાગ લઈ શક્યાં હશે. અને કોઈ ફક્ત આ કાર્યક્રમમાં જ ભાગ લેવા આવ્યા છે તોય નહીં પરવારી શક્યાં હોય. કયાંથી પરવારે? જ્યાંથી આવ્યા હોય ત્યાંથી મોટાં મોટાં પોટલા સાથે લેતા આવ્યા હોય. એ પોટલા એમને નીકળવા ન દે. આયોજકોએ તો ધાર્યું કર્યું કે કરનાળીમાં થયેલા એ કાર્યક્રમનો લાભ સૌ કોઈને અહીં બેઠાં મળે. પણ લાભ ન લઈ શક્યા તો ભાગ્ય એમનાં. અસ્તુ.

"ગાયત્રીમંત્રની ધૂન બોલ્યા બાદ તમે સૌએ સ્વાધ્યાયનો કાર્યક્રમ કર્યો. એ વિષે પણ આપણે સમજણ પાડીએ છીએ કે સ્વાધ્યાયની પ્રણાલી, સ્વાધ્યાયની આખી ગેડવણી એવી રીતની છે કે એના દ્વારા તન, મન અને ધન એમ સર્વેનો લાભ મળે. એટલે સ્વાધ્યાયનો પણ જો આપણે બરાબર લાભ લઈએ તો આપણા ઘણાં બધાં કાર્યો સિદ્ધ થઈ શકે. ગમે ત્યારે મનની મૂંઝવણ હોય તો સ્વાધ્યાય એ મૂંઝવણને દૂર કરી શકે. કરનાળીમાં એક-બે કુટુંબો આવ્યાં હતાં. તેઓ કહેતાં હતાં કે, 'આપજી! અમારા કુટુંબમાં તો એવી માન્યતા છે કે નર્મદાજીમાં સ્નાન કરી અને ચરણામૃત લઈએ તોય મનની મૂંઝવણ દૂર થઈ જાય છે.' તો આપણે તો આ 'સ્વાધ્યાય-સત્સંગ' દ્વારા ઘેર બેઠાં જ; કયારેક મનની મૂંઝવણ થાય કે કોઈ ધર્મ-સંકટ ઊભું થાય ત્યારે ઘેર બેસીને જ સ્વાધ્યાયનો પાઠ કરો, એ બધું દૂર થઈ જશે. વર્ષોના તપ, વર્ષોના અનુભવ અને વર્ષોના નિચોડરૂપે એ બધી ગેડવણી કરેલી છે. પણ મફત (!) મફત મળે એની કિંમત ન હોય. મફત મળે એની કિંમત તો જાણકાર હોય એ જ કરી શકે.

–: ...એ અતિ ઉત્તમ ગુરુપૂજન છે :–

"હવે બીજી એક વાત કરવાની છે. દર વખતે ગુરુપૂર્ણિમાએ આપણે સૌ, કોઈ નિયમ લઈએ છીએ આ વખતે પણ આપણે એક સંકલ્પ કરવાનો છે. આ વખતે આપણી આમંત્રણ-પત્રિકા વાંચીને ઘણા મોટા મોટા સંતોના કાગળો આવેલા છે. એ બધાએ ખૂબ ખૂબ આશીર્વાદ આપેલા છે અને એ લોકોએ પણ આમ ભલામણ કરેલી છે કે ગુરુપૂજન-અર્ચન તો ખરું જ, પણ સાથે સાથે થોડા સંયમ, નિયમ, સાદાઈ વગેરે આવતાં જાય તેની કાળજી રાખતા જ હશો. તો એ તો આપણો મુખ્ય પાયો છે.

'આજે જે કહેવાનું છે તે એ છે કે આવતી કાલથી ચાર માસ સુધી જે કોઈ તળેલી વસ્તુ અને તીખો રસ નહીં ખાય તેને આજે અમે અમારા હાથે જ ઓમ્‌ભગવાનની પ્રસાદીનું આ ચંદન-કેસરનું તિલક કરીશું. આ વાત ફરી ફરીને કહેવામાં આવશે કારણ કે નવા નવા માણસો આવતા જાય તેમને આ

વાતનો ખ્યાલ રહે. પરંતુ અત્યારથી કહી રાખી હોય તો તમને સૌને વિચારવાનો સમય મળે.

"તમે ગુરુપૂજન માટે આવો છો, અંગૂઠે ચંદન લગાવો છો, પુષ્પો ચઢાવો છો, તમારી શક્તિ મુજબ કાંઈ ભેટ મૂકો છો, એ બધું ગુરુપૂજન છે જ; એમાં જરાય ના નહીં. પણ આ દિવસે આવું કોઈ વ્રત લેવું – સંયમ-નિયમ-સાદાઈનું – એ પણ એક અતિ ઉત્તમ પ્રકારનું ગુરુપૂજન છે. તો, એ રીતે ગુરુપૂજન કરવાનું છે અને આત્મોન્નતિના માર્ગે આગળ વધતા જવાનું છે. અસ્તુ.

"આજે તો આપણે ઘણે ઘણે દૂરથી અહીં સુધી આવ્યા છીએ. અહીં સવારના છ થી બપોરના બે સુધીનો કાર્યક્રમ છે. તો, એ કાર્યક્રમને મોડળા મને માણીએ આટલા કલાક બાણે આપણું ઘરબાર કાંઈ છે જ નહીં. ઘરબારમાંથી મુક્ત થઈને, આમાં એકાકાર થઈને આમાં જ રહીએ, આ જ સાંભળીએ અને આનું જ ચિંતન-મનન કરીએ. ગયા વર્ષે મહાભાગ્ય ઊઘડ્યા'તા કે ત્રણ દિવસ મળ્યા'તા. હવે કાંઈ ઝટ દઈને ત્રણ દિવસ હાથમાં આવે નહીં.

"અમારો વિચાર હતો કે ગુરુપૂર્ણિમા નિમિત્તે આગળના દિવસે જે કોઈ આવે તેને અમે લાભ આપીએ. એ લાભ તો અમે આપતા રહ્યા પણ પરમ દિવસનું એવું જોરદાર ટચકિયું થઈ ગયું છે ! તો કાલે રાત્રે તો અમે રાઈટ એંગલે (ફાટખૂણે) ચાલતા'તા. એટલા વાંકા-વાંકા ! બીજા બધા ગભરાઈ ગયા'તા કે ગુરુદેવને આમ ને આમ રહેશે અને સવારે નહીં મટે તો સવારે શું થશે ? અમે કીધું કે સવારે ન મટે તો ગુરુજીને (અમને) ટીંગાટોળી કરીને લઈ જજો. તો એ લોકો કહે કે બધા જોવે તો કેવું લાગે ?! અમે કહ્યું કે બધાએ જોવાનું અષ્ટાવક્ર મુનિ વાંકા નહોતા ? એ તો આઠ જગ્યાએથી વાંકા હતા, હું તો એક જગ્યાએથી વાંકો થયો છું. રૂપ-રંગનું કામ નથી મારે... શરીર છે આ તો. શરીરના કેવા કેવા હાલ થાય છે ? એ શરીરમાં મોહ અને મમતાથી ક્યાં સુધી મચ્યા રહીશું ? (તળેલા) એ શરીરને સો નજરે જુઓ. ચાહે ગુરુદેવ હોય, કે ચાહે પ્રભુદેવ હોય, કે ચાહે રામ હોય, કે ચાહે કૃષ્ણ હોય, કે ચાહે યોગી હોય, કે ચાહે ભોગી હોય; એ બધાય રોગી. રોગ શરીરધર્મ છે. હું વાંકો વળી ગયો હોઈશ તો વાંકો વાંકો જઈશ. તો, કાલે તો અમે વાંકા વળીને ચાલતા'તા અને આજે સવારમાં ? સવારમાં કાંઈ નથી, ધનાધન કરું છું, કાલ કરતાં ઘણું સારું છે.

"આજે જે મુખ્ય વાત કહેવાની છે તે એ છે કે આ ચાતુર્માસમાં તીખો રસ નહીં ખાવાનો અને તળેલું નહીં ખાવાનો જે કોઈ નિયમ લેશે એ સૌને અમે અમારા હાથેથી ઓમ્‌ભગવાનના ચંદનનું તિલક કરીશું. જે વખતે ગુરુપૂજન માટે અહીં આવો તે વખતે એ નિયમ લેનાર અમારી બાજુમાં ઊભા રહી જવું. તેથી અમે સમજી જઈશું કે આ ભાઈ કે બહેને નિયમ લીધો છે. ચાર માસ માટે શેનો ત્યાગ ? ફક્ત આટલો જ ત્યાગ કે તીખો રસ નહીં ખાવાનો ને તળેલું નહીં ખાવાનું. તમને ફાયદો છે; તમે આ વ્રત લો તો એનો મને આનંદ થાય તેથી મને ફાયદો છે. મેં આખું જીવન આ રીતે વ્યતીત કરી નાખ્યું છે. પણ તમને જો એનો લાભ ન મળે તો મને એનું દુઃખ થાય. તેથી હું તો તમને લાભ આપવાના પ્રયત્ન કરતો જ રહું. મારે તો ઘણાં ઘણાં મહાકઠિન વ્રતો આપવાં છે, પણ જ્યારે મને એ વિશ્વાસ બેસે કે અહીંથી હું બંદૂકની ગોળી છોડું એને તમારી છાતી ખમી શકે તેવી છે, ત્યારે બંદૂકની ગોળી છોડું ને ? કોઈએ આવીને મને કહેવાનું ન હોય કે બાપુ તમે તમારે બંદૂકની ગોળી છોડો, મારી છાતી વજની છે. બાપુને એની મેળાએ જ ખબર પડે અને વગર કહે જ બંદૂકની ગોળી છોડે. ગોળી છોડે એટલે કે આવા કઠણ માર્ગમાં ચાલવાના વ્રત મળતાં જાય. શા માટે? આત્યંતિક સુખની પ્રાપ્તિ માટે. આજે બે વાગ્યા સુધી આપણે આવા બધા કાર્યક્રમો જ કરવાના છે, આવાં બધાં પ્રવચનો જ સાંભળવાનાં છે. તો આ વ્રતની વાત અત્યારથી એટલા માટે કરી કે તમારે વિચાર

કરવો હોય તો તમને વિચારવાનો સમય મળે. તો તમો સૌ આ વ્રત વિષે વિચારી રાખજો અને ભગવાન જો પ્રેરણા કરે તો એ વ્રત રાખજો."

પૂજ્યશ્રીએ આજે ગુરુપૂર્ણિમા નિમિત્તે મરજિયાત-પણે લેવાના વ્રતની માહિતી આપી. સવારે છ વાગ્યાથી ચાલી રહેલો આ કાર્યક્રમ હજુ ચાલુ જ હતો. સાડા-નવ થઈ ગયા હતા. હવે નાસ્તાનો સમય હતો. પ્રથમ બહેનોને સૂચના આપવામાં આવી કે તેઓ નાસ્તા માટે નીચે જાય. સવારે છ વાગ્યાથી અત્યાર સુધી જળવાઈ રહેલી શિસ્ત પહેલી વખત તૂટતી લાગી. ચારે બાજુ ધીમો ગણગણાટ શરૂ થયો, વહેવારની વાતો શરૂ થઈ. ઉદ્‌ઘોષક શ્રી પંકજભાઈ શાહે માઈક ઉપરથી અવારનવાર સૌને શિસ્તમાં રહેવાનું અને શાંતિ જાળવવાનું કહ્યું. પંકજભાઈની વિનંતીની બહુ અસર થઈ હોય તેમ લાગ્યું નહીં. પૂજ્યશ્રી આ સમય દરમ્યાન આરામખંડમાં વિશ્રામ લઈ રહ્યા હતા અને બધું સાંભળી રહ્યા હતા. બહેનોએ નાસ્તો લીધો ત્યારબાદ ભાઈઓ નાસ્તો લેવા ગયા. લગભગ પિસ્તા-લીસ મિનિટ બાદ નાસ્તાનો કાર્યક્રમ પત્યો. નાસ્તા બાદ સૌએ ભક્તિભાવપૂર્વક ગુરુઅષ્ટકનું ગાન કર્યું. ગુરુઅષ્ટક બાદ પૂજ્યશ્રીએ ફરીથી પ્રવચનની રમઝટ બોલાવી.

આટલી ઘડી તો વહેવારને ભૂલી જાઓ

"સવારથી આપણો આ મહામૂલ્યવાન કાર્યક્રમ ચાલી રહ્યો છે. મહાભાગ્યવાન હશે એ છ વાગતા પહેલાં અહીં હાજર થઈ ગયા હશે અને પૂરો કાર્યક્રમ થશે ત્યાં સુધી એનો લાભ લેશે. જ્યારે ગંગાજી આપણા ચરણોમાં આવે ત્યારે ગંગાજીને આપણે ઓળખીએ નહીં; ઘણે દૂર સુધી યાત્રા કરવા જઈએ પણ એ જ્યારે આપણા ઘરે આવે ત્યારે આપણા માથેથી આપણે પોટલાં ઉતારી શકીએ નહીં. આ વાત વચ્ચે વચ્ચે કહેવાતી જ રહેવાની. કારણ કે નવાં નવાં ભાઈ-બહેનો આવતાં રહે એમને ખબર ન હોય. પ્રપંચમાંથી એ આવતાં હોય. અહીંનાં વાતાવરણ ચડતાં હોય ત્યાં સુધી હજી પ્રપંચનાં બે-ચાર પોટલાં વળગી રહ્યાં હોય; એ પાછાં અમારે અહીં ઉતરાવવાં પડે. કહેવું પડે કે જો જો, મુંબઈથી ને હળવદથી ને સુરેન્દ્રનગરથી ને વાપીથી ને ક્યાં ક્યાંથી ને કેટકેટલે દૂરથી તમે સૌ આવ્યાં છો. શા માટે ? કે અહીં હાજર રહો ત્યાં સુધી એ બધા વહેવાર અને પ્રપંચનાં પોટલાં મૂકી દેવાનાં છે. હળવા થઈ જવાનું છે આ કાર્યક્રમો શા માટે છે ? હળવા થવા માટે. અહીંથી બહાર નીકળ્યા પછી તો તમારે નહીં મૂકવાં હોય તોય પોટલાં તમારે માથે જ છે. જઈશું ક્યાં ? પલાળ્યું છે એટલે મૂડાવવાનું તો છે જ. જે વહેવાર કરીને મૂક્યો છે તે તો માથે આવવાનો જ છે, પણ એમાંથી છૂટવા માટે ભગવાનની દયાથી આવા કાર્યક્રમો ગોઠવ્યા છે. તો, વહેવારને છોડીને આ કાર્યક્રમમાં આવો ત્યારે એટલી ઘડી તો વહેવારને ભૂલી જાઓ, એટલી ઘડી તો નવરા થાવ, એટલી ઘડી તો ભારને નીચે મૂકો; થોડો વિશ્રામ કરો કે જેથી ફરીને પોટલાં થાય તો તેને ઉપાડી શકો. તેથી જ્યાં સુધી અહીં છો ત્યાં સુધી બહેનો ને ભાઈઓ – કે તારા છોકરાનું શું છે ને મારા છોકરાનું શું છે, ને શેમાં ભણો ને શેમાં પાસ થઈ ગયો, ને કોનું સગપણ કરવાનું છે ને કોનું તૂટી ગયું, ને કોનું આમ છે ને કોનું તેમ છે ને એમ – આપસ આપસમાં મળશો નહીં, વાતો કરશો નહીં. ઘણે દૂરથી આવ્યા હોય ને કોઈ કાકા-ભત્રીજો હોય, ને કોઈ માસી-ભાણી હોય, ને કોઈ મામા-ભાણેજ હોય ને ઘણા સમયે સમય મળતો હોય એટલે મનમાં ઊભરો આવે એ દેખીતું જ છે. જે ગુરુપ્રેમી હોય એ બીજાનો પ્રેમી ન હોય ? જે આખા વિશ્વનો પ્રેમી હોય એ જ ગુરુપ્રેમી થઈ શકે. એટલે આપણે પ્રેમી તો હોઈએ જ પણ શિસ્તને ન ભૂલવી જોઈએ.

"તમે અમને અહીં પગે લાગવા (નારાયણ કરવા) ના આવો તો કશો વાંધો નહીં, (હાથના ઈશારાથી પોતાની ડાબી તરફ રહેલા રથારૂઢને બતાવી પૂજ્યશ્રી કહે છે કે) ત્યાં ઓમૂભગવાનનો ફોટો છે ત્યાં નારાયણ કરવા ના જાવ તો તમારી ઈચ્છા. ગુરુપૂજન થાય

ત્યારે પૂજન માટે ના આવો તો ય તમારી ઈચ્છા. એ બધું કાંઈ જ ફરજિયાત નથી. ફક્ત એટલું જ ફરજિયાત છે કે અહીં જે કાર્યક્રમ થાય એની શિસ્તમાં રહેવાનું. અને એની શિસ્તમાં ન રહી શકે એણે અહીં આવવાનું કષ્ટ નહીં કરવાનું એ વાત આપણે ચોખ્ખે ચોખ્ખી કહીએ છીએ. અહીં કશું જ ફરજિયાત નથી; ફરજિયાત ફક્ત એટલું જ કે અહીં જે કાર્યક્રમ ચાલી રહ્યો છે એની શિસ્તમાં રહો. એની શિસ્તમાં ન રહો તો બીજાઓનું શું થાય ? જે ઘણે દૂરથી આ કાર્યક્રમમાં હાજરી આપવા આવેલા છે તેમને વિક્ષેપ પડે. આપણું કોઈ સગું વહાલું બાજુમાં બેઠું હોય અને એની સાથે આપણે ધુસપુસ કરીએ તો આપણી બાજુના માણસને તકલીફ પડે. તે આપણને શરમમાં કાંઈ ન કહી શકે એટલે મારે આ બધું કહેવું પડે છે. જ્યાં સુધી આપણે અહીં છીએ ત્યાં સુધી કાર્યક્રમમાં તન્મય થઈને અહીં જ રહીએ; કાર્યક્રમમાંથી છૂટયા પછી ભલે ગમે તે કરીએ."

ઉપરોક્ત પ્રવચનમાં પૂજ્યશ્રીએ સૌને શિસ્તમાં રહેવાની આજ્ઞા કરી. પ્રવચન બાદ ઉમરેઠ ઓમૂપરિવારના શ્રી તુષારભાઈએ એક સુંદર ભજન રજૂ કર્યું. ભજન બાદ પૂજ્યશ્રીએ સ્વમુખે નીચેનો લેખ વાંચ્યો કે જે પૂજ્યશ્રીએ જાતે લખ્યો હતો અને ગઈકાલ તા. ૧૦-૭-૮૭ના 'ગુજરાત સમાચાર'ના 'પ્રેરણાબિંદુ' કોલમમાં આવેલો. છેલ્લા લગભગ દોઢેક વર્ષથી પ્રેરણાબિંદુ કોલમ પૂજ્યશ્રી લખે છે. ગઈકાલે આવેલો લેખ ગુરુપૂર્ણિમાને લગતો જ હતો જે પૂજ્યશ્રીએ જાતે વાંચ્યો. તો લેખને પણ અહીં અવતરણમાં જ રજૂ કરીએ તો કેવું ?

ગુરુપૂર્ણિમા તો માનવમાત્રનું અને વિશ્વસમસ્તનું મહાપર્વ છે.

"ગુરુપૂર્ણિમા પર્વ એ કાંઈ કોઈ એક જાતિ, સંપ્રદાય, દેશ કે રાષ્ટ્રનું નથી; તે તો સમસ્ત માનવજાતિનું પર્વ છે આપણે જાણતા હોઈએ કે ન હોઈએ પણ આપણને સર્વેને ગુરુ છે જ. જેમ આપણે છીએ તો આપણા બાપા છે એ જેટલું નક્કી છે તેટલું જ આપણે છીએ તો આપણા ગુરુ પણ છે એ નક્કી છે; ભલે આપણે આપણા ગુરુને જાણતા ન હોઈએ. બાપા તો છે જ પણ બાપાને જે જાણતા ન હોઈએ તો તે સમાજમાં ઘણું હલકું કહેવાય છે તેમ ગુરુને ન જાણવા તે પણ ઠીક ન કહેવાય. ગુરુ વ્યક્તિરૂપે, મંડળરૂપે કે તત્ત્વરૂપે પણ હોઈ શકે.

"જે બાબતમાં આપણે લઘુ (અજ્ઞાન) હોઈએ તેમાં જેઓ આપણને ગુરુ (જ્ઞાનવાન) બનાવે તે આપણા, તે વિષયના ગુરુ કહેવાય. આમ આપણે સૌ જન્મથી મૃત્યુપર્યંત અન્યો પાસેથી પ્રાપ્ત કરી કરીને જ જીવતા હોઈએ છીએ. જીવનમાં આપણને જેમના જેમના તરફથી જે જે કાંઈ પ્રાપ્ત થાય છે તેમાંના બહુ થોડાથી જ આપણે જ્ઞાત હોઈએ છીએ, મોટા ભાગના પ્રાપ્તિ કરાવનારાઓથી અજ્ઞાત જ હોઈએ છીએ.

"હાલમાં આપણી પાસે જે કાંઈ ભૌતિક-આધ્યાત્મિક સમૃદ્ધિ છે તે અન્યોની પ્રત્યક્ષ-પરોક્ષ સહાય દ્વારા જ મળેલી છે. જો તે બધું જેમની જેમની પાસેથી મળ્યું છે તેમને સૌને પાછું સોંપી દઈએ તો આપણી પાસે કાંઈ જ ન બચે. શરીર પણ માતા-પિતાએ આપેલું છે આ દૃષ્ટિએ જોતાં વિશ્વનો એકે એક મનુષ્ય ઋણી જ છે.

"એવો અભાગિયો મૂર્ખશિરોમણિ કોણ હોય જે ઋણમાંથી મુક્ત થવા ન ઈચ્છતો હોય ? સજ્જન માણસને તો પાંચસો-હજાર રૂપિયાનું ઋણ હોય તો રાત્રે ઊંઘ નથી આવતી, કયારે આ ઋણમાંથી મુક્ત થાઉં એમ એ ઝંખતો હોય છે. તો, જેઓ પાસેથી અલૌકિક-દિવ્ય-આધ્યાત્મિક સમજણ પ્રાપ્ત કરીને માલામાલ થઈ ગયા હોઈએ તેમના ઋણમાંથી મુક્ત થવા તો આપણું રુંવાડે રુંવાડું તલસતું જ હોય ને ? આ બધી વાતો તો ઋણ સ્વીકાર કરનાર સજ્જનો માટે છે. જે, કોઈપણ પ્રકારના ઋણનો સ્વીકાર જ ન કરતો હોય તેને શું કહેવું ? નાગાના કૂવે બાવળીયો, તો હવે મને છાંયો થયો ! નાગાની પાંચશેરી ભારે !

"નિશાળમાં ભણીએ અને દર માસે ફી આપી દઈએ, કે પાંચસો રૂપિયા જેમના લીધા હોય તેમને પાછા આપી દઈએ એટલે ઋણમુક્ત થઈ જઈએ છીએ એવું ઋણ ગુરુ-સંતોનું નથી હોતું. તેમના તો આપણા ઉપર એટલા બેહદ ઉપકારો હોય છે કે અષ્ટ-સિદ્ધિ અને નવ નિધિ તેમના પગમાં મૂકી દઈએ તોય ઓછું છે. ખૂબીની વાત તો એ છે કે જેમને આપણે સર્વસ્વ અર્પવા ઈચ્છીએ છીએ તેમને આપણી પાસેથી કાંઈ જ નથી જોઈતું. તેમનો તો સ્વભાવ જ આપવાનો – કલ્યાણ કરવાનો છે અને તે જ તેમનો આનંદ અને તે જ તેમની પ્રાપ્તિ છે. હરિ-ગુરુ-સંતોના ઉપકારનો બદલો આપણે કદી ચૂકવી શકતા નથી અને છતાંય ચૂકવવાની ભાવના આપણામાં ઘૂમરાયા કરે છે, ઊભરાયા કરે છે. તે ભાવનાની શાંતિ માટે અને આવા અધિકારીઓના સમાધાન માટે પરમદયાળુ ઋષિમુનિઓ મદદે આવ્યા, તે માટે તેમણે ગુરુપૂર્ણિમાનો દિવસ નક્કી કર્યો. તે એટલા માટે કે આ દિવસે સૌ પ્રેમીઓ મળીને, એક શ્રદ્ધેય વ્યક્તિને નિમિત્ત બનાવીને, તેમના ચરણોમાં ઋણમુક્તાંજલિ સમર્પિત કરીને 'આપણે પણ ઋણમાંથી મુક્ત થવા માટે કાંઈ કર્યું' એવો લહાવો લઈ શકીએ.

"આ રીતે ગુરુપૂર્ણિમા એ તો વિશ્વસમસ્તનું મહાપર્વ છે. દરેકે દરેક રાષ્ટ્રે આ મહાપર્વ ધૂમધામથી ઊજવવું જોઈએ. આવી સીધીસાદી વાત પણ વિશ્વના પૂરંધરોના મગજમાં કેમ નહીં આવી હોય !? અરે બીજાં રાષ્ટ્રોની વાત પછી પરંતુ ભારતને પણ આ વાતની યાદ આપવી પડે ? યાદ આપ્યા પછી યે બેધ્યાન, બહેરા કાન ? બધાં રાષ્ટ્રો પોતપોતાનાં લાગતા વળગતાં પર્વો ઊજવે અને ઋષિમુનિઓનો દેશ ભારત ઋષિપૂર્ણિમા-ગુરુપૂર્ણિમા-વ્યાસપૂર્ણિમા ન ઊજવે એ વાસીદામાં સાંબેલું જવા બરાબર છે પરદેશવાળા તો આપણી પાસેથી લખવા માટે પેન લે તોય થેન્ક યૂ કહે અને આપણે ? આપણું જીવન હરિયાળું અને ફુલ્યું-ફાલ્યું બનાવનારને પણ ફક્ત દર બાર માસે એક વખત – દર ગુરુપૂર્ણિમાએ – થેન્ક યૂ કહેવાની ત્રિધિ પણ ન કરી શકીએ ? પોતાને ઋષિઋણ ફેડવડાવનારની બુદ્ધિ શું આટલી હદે પતન પામી ગઈ છે ? શું ફરીને ટટ્ટી થઈ શકે નહીં એટલી હદે ઊતરી ગયું છે તેનું પણ ?

"જો ગુરુપૂર્ણિમાને વિશ્વમહાપર્વ તરીકે ઊજવવામાં આવે તો સુખશાંતિના વરસાદ વરસે. એક વખત અખતરો કરીને તેની સચ્ચાઈનો અનુભવ લઈ જોઈએ. પણ આપણી ચોખરવૃત્તિ અંદર જોવાને બદલે બહાર હવાતિયાં મારે છે !

"ગુરુપૂર્ણિમાને દિવસે જે કોઈ શ્રદ્ધેય વ્યક્તિમાં ગુરુભાવના રાખીને તેમના ચરણોમાં જે કાંઈ પુષ્પ-પત્ર સમર્પણ કરીએ છીએ તે પરમગુરુ-પરમાત્માને પહોંચી જાય છે; જેમ બધી નદીઓ સમુદ્રમાં સમાઈ જાય છે.

"જગતની સમસ્ત વિદ્યાઓમાં-સમજણોમાં આત્મા-પરમાત્માની વિદ્યા ગુરુ (અતિ મૂલ્યવાન) ગણાય છે. તેથી ગુરુસમજણ આપનારને જ આપણે ગુરુ-સદ્‌ગુરુ સંબોધનથી સન્માનીએ છીએ.

"તીન ટુક કૌપિનકો, અરુ ભિન ભાજી-લોન;
તુલસી રઘુવર ઉર બસે, ઈન્દ્ર બાપડો કૌન ? ગુરુસંતોની આવી સ્થિતિ છે. તેમને આપણી પાસેથી કાંઈ જ નથી જોઈતું. આપણે જે કાંઈ કરીએ છીએ તે આપણા સંતોષ-સમાધાન માટે છે.

"ગુરુપૂર્ણિમાના દિવસે આપણે સર્વે જ્ઞાત-અજ્ઞાત ગુરુ-સંતોને ઋણમુક્તાંજલિ-પ્રેમપુષ્પાંજલિ સમર્પી ને પરમગુરુ પરમાત્માના અખૂટ ભંડારમાંથી સુખ શાંતિના ધોધને આપણી તરફ આકર્ષી લઈએ, કે જે સર્વે જીવો ઉપર એવા વરસે, એવા વરસે કે સૌને નર્યા-નીતર્યા કરીને સ્વરૂપસ્થ કરી દે.

જય ગુરુ પરમાત્મા,
સૌને બનાવો દિવ્યાત્મા."

પૂજ્યશ્રીનું આ પ્રવચન સાંભળી સૌની ગુરુનિષ્ઠામાં મનોમન અતિ ઘણો વધારો થઈ ગયો. અને મને ખાતરી છે કે આ લેખને 'ગુજરાત સમાચાર'માં વાંચ્યા

પછી સુખશાંતિને ઈચ્છતા ઘણા બધા વાચકોને માર્ગદર્શનનાં નવાં સોપાન સાંપડયાં હશે.

હવે ગુરુપૂજનનો કાર્યક્રમ શરૂ થવાનો હતો. તે કાર્યક્રમ શરૂ થાય તે પહેલાં ફરીને એકવાર પૂજ્યશ્રીએ જાહેરાત કરી કે –

"અમે ફરીફરીને કહીએ છીએ કે તમે અહીં આવીને એક શ્રદ્ધેય પુરુષને નિમિત્ત બનાવી ગુરુપૂજન કરો કે ન કરો એ તમારી ખુશીની વાત છે. ગુરુપૂજન કરવું એ કાંઈ ફરજિયાત નથી. ફરજિયાત છે અહીંની શિસ્તમાં રહેવાનું અને નીચે જે પ્રસાદ બની રહ્યો છે તે લેવાનું. ફરીને એ વાત યાદ આપી દઉં કે જેમને ચાતુર્માસમાં તળેલું અને તીખું નહીં ખાવાનું વ્રત લેવું હોય તેમને અમે અમારા હાથેથી ઓમ્‌ભગવાનની પ્રસાદીના ચંદનનું તિલક કરીશું. તો જેમને આ વ્રત લેવાની ઈચ્છા હોય તેઓએ અમને કહેવાની જરૂર નથી. તેઓ અહીં આવીને અમારી બાજુમાં ઊભા રહેશે એટલે અમે સમજી જઈશું કે તેમને આ વ્રત લેવાનું છે. અમે તે વ્રત લેનાર ભાઈ કે બહેનને ચાંદલો કરીશું કે જેથી તેઓ ભાવવિભોર થઈ ફરી ફરીને આવા સંકલ્પ કરવામાં શક્તિશાળી બને."

પૂજ્યશ્રીની આ જાહેરાત બાદ ગુરુપૂજનનો કાર્યક્રમ શરૂ થયો. એક પછી એક સૌ ભક્તિભાવપૂર્વક ગુરુપૂજન કર્યે જતાં હતાં. એક તરફ ઉમરેઠ ઓમ્‌પરિવારની સંગીત મંડળી ગુરુતત્ત્વ વિષેની સમજ આપતાં ભજનો રજૂ કર્યે જતી હતી. વાતાવરણ ખૂબ પવિત્ર અને આહલાદક લાગતું હતું. ગુરુપૂજનનો કાર્યક્રમ લગભગ દોઢેક કલાક ચાલ્યો. ત્યારબાદ ડૉ. સદ્‌ગુરુસમર્પણભિક્ષુજીનું પ્રવચન શરૂ થયું.

ડૉ. સદ્‌ગુરુસમર્પણભિક્ષુજીનું પ્રવચન

"પરમપૂજ્ય ગુરુદેવ તથા ગુરુભાઈબહેનો,

સ્વયં ભગવાન જ્યારે પોતાના ભક્તને ત્યાં પધારે ત્યારે ભક્ત તે તરફ લક્ષ નહીં આપતાં તે ભગવાનની પથ્થરની મૂર્તિની જ પૂજા કર્યા કરે તો લાભ શું ?

"પૂજ્ય ગુરુદેવ આપણને ઘણી વાર કહે છે કે આપણા બાપાનો તાર આવે કે હું અમુક ગાડીમાં ત્યાં આવું છું, તું સમયસર મને ગાડીએ લેવા આવજે. આપણે તાર વાંચીને ખૂબ ખુશ થઈ જઈએ અને સમયસર બાપાને સ્ટેશને લેવા જવાને બદલે તારની પૂજા કરવા બેસી જઈએ અને બાપા સ્ટેશને આપણી રાહ જોયા કરે તે પ્રેમ નહીં પણ જડપણું છે. આનો અર્થ શો ? એનો અર્થ તો એવો જ ઘટાવી શકાય કે અત્યાર સુધીની આપણી બધી માન્યતા દેખાવની અથવા તો દેખાદેખીની જ હતી ! ? ફોટાની સેવા–પૂજામાં આપણે દેખીતી રીતે કાંઈ ગુમાવવું પડતું નથી એટલે ! ? આવી દેખાદેખી શાને માટે ?

"આપણા પૂજ્ય આપણા ઘેર પધારે તો આપણી શક્તિભક્તિ પ્રમાણે સેવા કરવી જોઈએ. આપણે ઘેર પધારે એ તો આપણા પર મોટો ઉપકાર કર્યો છે. આપણી સેવા લેતા હોય તો આપણી ઉપર કૃપા કરી છે, એવી સમજ આપણે કેળવવી જોઈએ.

"ઘણી વખત એવું બને છે કે પૂ ગુરુદેવે ચીંધેલ રસ્તા માટે મતમતાંતર હોય છે. શા માટે ? એમણે ચીંધેલ રસ્તો કેટલાય વિચારો પછી બતાવ્યો હોય જે હંમેશા આપણા ભલા માટે જ હોય, તે દ્વારા આપણું સારું કરવાની જ ભાવના હોય. કોઈ વ્યક્તિએ મહેનત કરીને ખૂબ પૈસો ભેગો કર્યો હોય અને પછી તેને કોઈ વેડફવા માગતું હોય તો એ કોઈને વેડફવા દે ખરો ? તેવી જ રીતે સાધુ-સંતોની કમાણી, આપણા ગુરુદેવની કમાણી આપણે બધા છીએ, તો પુ ગુરુદેવ આપણને અવળા રસ્તે જવા દે ખરા ? આપણને આપણી ચિંતા હોતી નથી એટલી એમને આપણી ચિંતા હોય છે. પોતાને કરવાનું હતું એ તો એમણે કરી લીધું છે પણ આપણા માટે જ હવે તો તેમનું ભૌતિક શરીર છે એમ કહીએ તો કાંઈ જ ખોટું નથી. જ્યારે આપણી મિલકતને કોઈ નુકસાન થતું હોય તો આપણાથી સહન થતું નથી, તેમ આપણા ગુરુજીના ભૌતિક શરીરને નુકસાન થાય તેવું આપણાથી થાય જ કેમ ? આપણું એવું કોઈ વર્તન થવું ન જોઈએ કે જેથી

એમને દુઃખ પહોંચે. આપણો એવો કોઈ હઠાગ્રહ ન હોવો જોઈએ કે જેથી આપણને આનંદ આપવા માટે તેઓ તેમના શરીરના ભોગે કાંઈ કરે.

"સામાન્ય દાખલો લઈએ તો પૂ. ગુરુદેવને જમવાનો સમય આઠ વાગ્યાનો હોય તો આઠ વાગ્યા પહેલાં એમની રજા લઈને નીકળી જવું જોઈએ. આપણા સત્સંગના સ્વાર્થ ખાતર ત્યાં બેસી રહીએ અને પછી પૂ ગુરુદેવને પ્રસાદ લેવામાં મોડું થાય તો તે અઠીક કહેવાય.

"પૂ. ગુરુદેવ આપણને આનંદ આપવા માટે શું શું કરે છે તે તો આપણે સંપૂર્ણ જાગૃત હોઈએ તો જ ખબર પડે. અમે નવસારીથી સવારે લગભગ છ વાગે નીકળ્યા હતા. અંદાજ એવો હતો કે બારેક વાગે પહોંચી જવાશે. રસ્તામાં ઊભરાટ આવ્યું. ત્યાં ધાર્યા કરતાં વધુ સમય વ્યતીત થયો. પૂ ગુરુદેવે કાયાવરોહણ જવાની ઈચ્છા દર્શાવી. તે રસ્તામાં આવતું હોવાથી વધારે સમય નહીં જાય એવો અંદાજ હતો. પણ મારી બેકાળજીથી કાયાવરોહણનો રસ્તો પસાર થઈ ગયો, વડોદરા પહોંચી ગયા. જે દિવસે ગુજરાતમાં વધારેમાં વધારે ગરમી હતી તે દિવસનો આ બનાવ છે. વિચાર કરો કે પૂ. ગુરુદેવની શું હાલત હશે ? ગાડીમાં રાખેલું પાણી પણ ગરમ થઈ ગયેલું. પૂ. ગુરુદેવ માટે એક-બે જગ્યાએ તપાસ કરી તો પાણી પણ ઠંડું નહોતું. વડોદરાથી પાછા વળી હજી કાયા-વરોહણના રસ્તે વળીએ ત્યાં જ આગળના વ્હીલમાં પંકચર પડ્યું. ઝાડના છાંયડે પણ ગરમ લૂ આવતી હતી ! અને હોટલમાં તો બહાર કરતાં વધારે ગરમ હતું. જવું ક્યાં ? જેમતેમ કરીને પંકચર પતાવી નાસ્તો કરવા ગયા. ત્યાં અમે નાસ્તો કરીએ તે માટે પૂ. ગુરુદેવે ખુદે પણ હોટલનું ખાધું. કાયાવરોહણ પહોંચ્યા. ત્યાં એટલી અસહ્ય ગરમીમાં અમને બધું બતાવ્યું. ઘરમાં પણ રહીપર કે ચંપલ પહેરી રાખવાની આદત છે તેવા પૂ. ગુરુદેવે ગરમ લાય જેવા પથ્થરો પર ચાલી અમને બધું બતાવ્યું. ત્યાંથી અમદાવાદ આવવા નીકળ્યા. બધાના હોશકોશ હતા નહીં. મને પણ એટલી બધી ગરમી લાગતી હતી કે ન પૂછો વાત ! પણ પૂ. ગુરુદેવનું મુખ જોઈએ તો તેઓ પૂરા આનંદિત હતા. શું એમને ગરમી લાગતી નહીં હોય ? તેમના પગ બળતા નહીં હોય ? હોટલમાં ખાધેલા મરચાથી તેમને નુકસાન થયું નહીં હોય ? પૂરા રસ્તે હું મને ભાંડતો રહ્યો. પૂ. ગુરુદેવ સવારે ટ્રેનમાં જવાનું કહેતા હતા, જવા દીધા હોત તો કેટલું સારું થાત. આખા રસ્તે પસ્તાવો થયા કર્યો પણ તેથી શું ? થપ્પડ મારીને સોરી કહેવાથી થપ્પડનું દુઃખ જતું રહેતું નથી. કહેવાનો મતલબ એ જ કે આપણે ઝીણી ઝીણી દેખાતી વાતો પર ધ્યાન રાખીએ તો ખબર પડે કે પૂજ્યશ્રી આપણો કેટલો ખ્યાલ રાખે છે.

"પૂ. ગુરુદેવે કેટલી ઊંચી સિદ્ધિઓ હાંસલ કરી છે, તેઓ કેટલા ઊંચા યોગીરાજ છે અને ત્યાં સુધી પહોંચવા માટેની તેમની કેટલી ઊંચી સાધના છે તે આપણે શબ્દોમાં વર્ણવા બેસીએ તો પાર જ ન આવે.

"પૂ. ગુરુદેવ સાથે આબુમાં રહેવાનું થયું. ઘણી ગુફાઓ જોવા ગયા. ત્યાં મોટા મોટા યોગીઓને પૂ. ગુરુદેવ ભાવથી વંદન કરતા. પરંતુ પછી સત્સંગની વાતો થતી ત્યારે જ ખબર પડે કે પૂ. ગુરુદેવ પાસે, સામેના યોગીઓ-સંતો કે જેઓ વર્ષોથી એક જ જગ્યાએ બેસીને સાધના કરી રહ્યા છે તેઓ પણ પૂ. ગુરુદેવ સાથે ખૂબ જિજ્ઞાસુ ભાવે વર્તે છે આપણા ગુરુજીનાં વખાણ આપણે કરીએ તેમાં તો શું મોટી વાત છે પણ મોટા મોટા સંતો-યોગીઓ પણ ગુરુજીનાં ભરપેટ વખાણ કરે છે.

"આટલી સહેલાઈથી મળેલા આવા ગુરુજનોને સાચી રીતે ઓળખીએ અને તન-મન-ધનથી તેમની સેવાનો લાભ લઈએ. સેવા એટલે-પૂ ગુરુજીના કહેવા પ્રમાણે-તેમના ભૌતિક શરીરની સેવા એટલું જ નહીં પણ તેમના બતાવેલા માર્ગે ચાલીએ અને તેમના, લોકોને સાચા રસ્તે વાળવાના પ્રયત્નને તન-મન-ધનથી આચરીએ. આપણી પાસે જે હોય તેનાથી તેમના કાર્યને વેગવંતુ બનાવીએ.

"પૂ. ગુરુદેવની જીવ-જગત પર કૃપા ઊતરો એ જ પૂજ્યશ્રીને પ્રાર્થના."

ડૉ. સદ્‌ગુરુસમર્પણભિક્ષુજીના ઉપરોક્ત પ્રવચન બાદ ઓ. પ્રે. ય. ટ્રસ્ટના ડાલના ચેરમેન શ્રી ભરત-ભાઈ દેસાઈએ પ્રવચન કર્યું તેમના પ્રવચનમાં તેમણે સૌને ખ્રિસ્તનું પાલન કરવાનો ખાસ આગ્રહ કર્યો અને વધુમાં જણાવ્યું કે આવા આધ્યાત્મિક કાર્યક્રમોમાં ઉદ્‌ઘોષકને ખ્રિસ્તપાલનની ઉદ્‌ઘોષણા કરવી જ શેની પડે !? સૌએ વધુમાં વધુ ખ્રિસ્ત જાણવાનો પ્રયત્ન કરવો જોઈએ. શ્રી ભરતભાઈના પ્રવચન બાદ ટ્રસ્ટના જનરલ સેક્રેટરી શ્રી વજુભાઈ પટેલે ટ્રસ્ટ દ્વારા થતાં લોકકલ્યાણનાં અને બહુજનહિતાય-બહુજનસુખાયનાં કાર્યો વિષે માહિતી આપી. ત્યારબાદ પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીએ આશીર્વચન આપતાં જણાવ્યું કે –

"સવારથી અતિ સુંદર કાર્યક્રમ ચાલી રહ્યો છે. જપયજ્ઞ થયો, સ્વાધ્યાય-સત્સંગ થયો, ગુરુપૂજન થયું. ગુરુપૂજનમાં ઘણા બધા માણસોએ ચાતુર્માસનું વ્રત લીધું, વ્રત લેનારા સૌને અમે કેસર-ચંદનની આડ કરી. ચંદન કરાવતી વખતે એક ભાઈએ અમને કહ્યું કે, 'સાડત્રીસ વર્ષનું મારું પાનનું વ્યસન હું આજથી મૂકી રહ્યો છું. બીજા એક ભાઈ હતા તેમણે બીડીનું વ્યસન મૂક્યું'તું. તેમણે તેમની મેળાએ જ આ વ્રત લીધું'તું. અમે તેમને કીધું કે અત્યારે તો અમે આ ચાતુર્માસના વ્રતની જ વાત કરી'તી પરંતુ તમે જે કાંઈ સંયમ-નિયમની વાતો કરો છો અનાથી અમે ખુશી જ છીએ, એ જ અમારી પ્રાપ્તિ છે.

સંયમ-નિયમના ધર્મમાં આગળ વધીએ

"તમે જો તમારી જાતે જ સંયમધર્મને અપનાવો – અમે તે સંયમધર્મને અપનાવો – એ તો અમારી અંતરની ઈચ્છા છે. એક ભાઈએ કહ્યું કે હું પાન મૂકું છું, બીજા ભાઈએ કહ્યું કે હું બીડી મૂકું છું તો, કોઈ પાન કે બીડી મૂકે તેનાથી પાન-બીડીની દુકાનવાળાએ ગભરાઈ જવાનું નહીં કે ગુરુજી આમ ને આમ વ્રત લેરાવતા રહેશે તો મારી દુકાનનું શું? આ વ્રત લેવડાવ્યું છે તે તો અમારો અંતરનો રાજીપો છે. ગુરુપૂર્ણિમાના દિવસે સંયમ-નિયમનું વ્રત લઈને સાચા અર્થમાં ગુરુપૂર્ણિમા ઊજવવાની છે, સાચા અર્થમાં ગુરુપૂજન કરવાનું છે. તો, આજે જેમણે વ્રત લીધું છે એ સૌને ઓમ્‌ભગવાનના ખૂબ ખૂબ આશીર્વાદ છે. દિવસે દિવસે એ સૌ પોતાના સંયમ-નિયમના ધર્મમાં આગળ વધે."

આટલું કહી પૂજ્યશ્રીએ ગુરુપૂર્ણિમા નિમિત્તે આવેલા કેટલાક પત્રોનું વાંચન કર્યું. આ પત્રોમાંનો એક પત્ર ઉપાડી પૂજ્યશ્રીએ જણાવ્યું કે –

"આ એક પત્ર આવ્યો છે. તેના કવર ઉપર લખ્યું છે કે – પ. પૂ. ગુરુદેવ, આ લખાણ આપ જાહેરમાં વાંચશો નહીં તેવી નમ્ર પ્રાર્થના છતાંય વાંચ્યા પછી આપને જે વધુ યોગ્ય લાગે (વાંચવાનું કે નહીં વાંચવાનું) તે કરશો. કારણકે આપ જ વધુમાં વધુ જ્ઞાની છો – તો એમની વિનંતીને આપણે ધ્યાનમાં રાખીએ કે જાહેરમાં ન વાંચીએ; અને બહુ પ્રેરણાદાયી પત્ર છે એટલે એમનું નામ લીધા સિવાય વાંચીએ, એટલે એમનું ને આપણું બંનેનું સચવાય,

"પત્રમાં લખ્યું છે કે, 'પ. પૂ ગુરુદેવ, ગઈ ગુરુપૂર્ણિમાની આમંત્રણપત્રિકામાં આપે "ગુરુચરણોમાં શું મૂકીશું ?" એ શીર્ષક હેઠળ થોડું લખાણ લખેલું. આ લખાણથી પ્રેરાઈને મેં ગઈ ગુરુપૂર્ણિમાએ ચા-કૉફી અને પ્રમાદ-આળસ છોડવાનો સંકલ્પ કરેલો. આપની કૃપાથી આજ દિન સુધી તે સંકલ્પને વળગી રહેવાયું છે. જો કે પ્રમાદ અને આળસ છૂટ્યા છે કે નહીં તેની તો આપ જેવા પરમાત્માને જ ખબર પડે. પરંતુ ચા-કૉફી તો હજી સુધી નથી પીધા.

"ગઈ વખતનું લખાણ વાંચ્યા બાદની આ બીજી ગુરુપૂર્ણિમા છે. મનોમન એવો સંકલ્પ કરેલો છે કે સતત બાર વર્ષ સુધી (જો આ અદીર હયાત હોય તો) કાંઈક ને કાંઈક મૂકવું અને તે રીતે મન ઉપર, વૃત્તિઓ ઉપર કાબૂ મેળવવાનો પ્રયત્ન કરવો, સંતોષધન

પ્રાપ્ત કરવા માટેનો પ્રયત્ન કરવો. આ વર્ષની ગુરુ-પૂર્ણિમાથી હું બીડી-સિગારેટ નહીં પીવું એવો સંકલ્પ કરું છું અને તેને પ્રમાણિકપણે વળગી રહેવાની ખાતરી આપું છું. આ તો થઈ સ્થૂળ વ્યસનની વાત. બીજી એક વાત આપની પાસે માંગવાની ઈચ્છા છે...

"હવે આ પત્ર કાલે રાત્રે જ કે જ્યારે હું બિલકુલ ઊભો નહોતો થઈ શકતો એવું મને ટચકિયું હતું ત્યારે મળ્યો. એટલે મેં સૂતાં સૂતાં જ વાંચ્યો. એમાં વાંચ્યું કે 'બીડી-સિગારેટ નહીં પીવું" અને 'બાર વરસ સુધી આવો પ્રયત્ન હું કરતો રહું.' તો, આપણા જે પ્રેમીઓ હોય, આપણી આસપાસમાં જે રહેતા હોય, આપણામય થઈ ગયેલા હોય એ બધા ઉપર આપણી કેવી અસર પડે છે તે જાણવાની આપણને ઇચ્છા હોય જ. કહ્યું છે કે ઘસત ઘસત રાશડિયા, પથ્થર પર કરત નિશાન. કૂવા ઉપરના કોસનું દોરડું તેની નીચેના પથ્થરના થાળા ઉપર ઘસાય તો એ પથ્થર ઉપર પણ વેંતવેંતના ખાંચા પાડી દે છે – આંકા પાડી દે છે. એટલા ખાંચા પાડવામાં ભલે અનેક દોરડાંઓનો નાશ થઈ જાય છે પણ દોરડાં નાશ પામીને પણ પથ્થરના થાળામાં ખાંચા તો પાડી જ દે છે. તો આપણા પ્રેમીઓ ઉપર આપણે જે બોલીએ છીએ, કહીએ છીએ, ઉપદેશીએ છીએ, એ બધાની કાંઈ અસર થાય છે કે નહીં એ જાણવાની આપણને જરૂર ઇચ્છા હોય; કે ખરેખર આપણે જે બોલીએ છીએ તેની કાંઈ અસર થાય છે કે પછી એ બકવાસ જ થઈ રહ્યો છે, એ લોકો ફક્ત શિષ્ટાચાર ખાતર જ સાંભળી રહ્યા છે, કે અસલમાં છે શું ?

સદ્‌ગુરુ મળિયા, શિષ્ય ન સુધર્યો,
એની વિમળ ના થઈ વાણી રે;
કાં તો ગુરુ એના જ્ઞાન વગરના,
કાં તો એ પામર પ્રાણી રે.

"તો આવું કાંઈક થાય તો અંદાજ આવે કે ગુરુ જ્ઞાન વગરના છે, કે એ પામર પ્રાણી છે, કે શું છે ?

"તો, જે કાંઈ જાણવા માંગતા હોઈએ એ જાણવાનો પ્રસંગ જ્યારે પરમાત્મા ઓચિંતો જ ઊભો કરી દે ત્યારે આપણને કેટલો હર્ષ થાય ?! મારાથી ઊભા પણ થઈ શકાય તેમ નહોતું તેવી સ્થિતિમાં મારા હાથમાં આ કાગળ આવ્યો. તેમાં ઉપર થોડું'ક લખાણ આવ્યું કે હું આ પ્રમાણે કરવા ઈચ્છું છું – 'બીડી-સિગારેટ હું નહીં પીવું" એટલું વાંચીને જ અંદર લખનું એક મોજું ચઢ્યું, એ ઝુંવાડે ઝુંવાડે પ્રસરી ગયું અને મને લાગે છે કે છેક ટચકિયા ઉપર પહોંચ્યું. એ લખનું મોજું છેક ટચકિયા સુધી પહોંચ્યું ! ને ત્યાર પછી પંદરેક મિનિટ પછી હું ઊઠ્યો, તો હું વાંકો નહોતો, સીધો થઈ ગયેલો.

"આ વાતો શા માટે કહું છું ? એટલા માટે કે ગુરુ-સંતો શેનાથી રાજી થાય છે તેનો તમને સૌને ખ્યાલ આવે. જે જીવો એમને ગુરુ માનતા હોય છે એવા જીવોની ઉન્નતિથી એમનામાં કેટલો હર્ષ થાય છે ! પ્રેમી લોકો પોતાના અયોગ્ય વર્તનથી ગુરુ-સંતોને મૃતપ્રાય કરી નાખે અને જો ધારે તો તેઓ પોતાના ઉમદા વર્તનથી મૃતપ્રાયને પણ દોડતા કરી શકે ! એવી તાકાત છે શિષ્યોમાં-ભક્તોમાં ! હવે આ પત્ર આગળ ચલાવું. પત્રમાં આગળ શું લખ્યું છે ? લખ્યું છે કે –

'એક પ્રવચનમાં આપે કહ્યું હતું કે બાપુ પાસે ભૌતિક માગણીઓ તો સૌ કોઈ કરે છે પરંતુ કોઈ એમ નથી કહેતું મને યોગ શીખવાડો. આપનું આ વાક્ય ઘણી વખત મગજમાં ઘણની જેમ વાગ્યા કરતું'તું. આ મનોદશામાંથી મુક્ત થવા માટે આપનો આ અજ્ઞાની શિષ્ય પોતાની જાતને-શરીરને આપના ચરણોમાં ધરે છે. આપના જેવા, બીજા કોઈ અલૌકિક પુરુષના – જ્ઞાનીના સંપર્કમાં હજી સુધી આવવાનું થયું નથી; અને જ્યારે જ્યારે પણ જાણીતા-અજાણ્યા લોકો સાથે સત્સંગ કરવાનો થાય છે ત્યારે આ વાત હું બેધડક કરું છું અને તેથી જ મને ખાતરી છે કે આપ આપની દીર્ઘદૃષ્ટિ વડે મારા શરીરને, મારી પ્રકૃતિને સારી રીતે

ઓળખી ચૂક્યા છો. તો, આપને જો એમ લાગે કે આપનો આ શિષ્ય યોગ શીખવાને લાયક છે તો મને, આપને યોગ્ય લાગે તે રીતે યોગ શિખવાડશો એવી મારી વિનંતી છે. મનુષ્યયત્ન અને ગુરુકૃપાએ બધું જ શક્ય છે એ વાતની પ્રતીતિ આપના જીવનને જોતાં થઈ જ જઈ છે.

"હિંસા અને અરાજકતાના દિવસોમાં ચારેય બાજુ હિંસાના બનાવો સાંભળવા મળે છે. આપના ઉપદેશ–સાહિત્ય રૂપી મલમ દ્વારા આ હિંસારૂપી ઘા જરૂર રુઝાઈ જાય એવું લાગે છે; પરંતુ અમારા પ્રચાર–પ્રસારના પ્રયત્નોમાં ખરેખર કચાશ છે. અને તેથી જ જ્યારે હિંસાના બનાવોના સમાચાર હું સાંભળું છું ત્યારે મારી જાતને હું કંઈક અંશે દોષી માનું છું. કારણ કે આપે તો આપને ઘણું કષ્ટ આપીને, આપના શરીરની પરવા નહીં કરીને, આપના શરીરને પ્રયોગનું એક સાધન બનાવીને અનુભવજનિત નિચોડો તારવ્યા છે. અરે ! એ નિચોડને એટલા વ્યવહારુ બનાવીને રજૂ કર્યા છે કે સામાન્યમાં સામાન્ય માણસ તેને સમજી શકે આ રીતે આપે તો આપનું કામ પૂરું કર્યું છે. હવે રહી તેના પ્રચાર–પ્રસારની વાત. આ ક્ષેત્રે હજુ અમે સૌ સાવ બિનઅનુભવી છીએ એવું લાગ્યા કરે છે. કારણ કે ઓમ્‌પરિવાર તો ઘણો મોટો છે. ઘણા માણસો ઓમ્‌પરિવારમાં આવે છે પરંતુ સૌને કાં તો આપના ચરણોમાં બેસીને આપના ખ્યાલમાં આવે, આપ જોઈ શકો એવાં કામ કરવામાં રસ છે અથવા તો બહુજનહિતાય–સુખાયનાં કાર્યોમાં રસ જ નથી. અત્યાર સુધીના મારા અનુભવ મુજબ મને એવું લાગ્યું છે કે આપની સેવા કરવામાં અને આપના સાહિત્યનો પ્રચાર અને પ્રસાર કરવામાં ફક્ત અમુક જ વ્યક્તિઓએ રસ લીધો છે.

"તો આપને અનંત વખત દંડવત્ પ્રણામ સાથે એટલી પ્રાર્થના કરું કે આપ આપની વાણી દ્વારા એક ચમત્કાર તો જરૂર કરો કે જેથી ઓમ્‌પરિવારમાં આવતા માણસોની કાર્યક્ષમતા ખૂબ વધે અને તેના ફલસ્વરૂપ સુખશાંતિને આપનાર અમોઘ સાધન એવું આપનું દિવ્ય સાહિત્ય વધુમાં વધુ પ્રચાર–પ્રસાર પામે. બહુજનસમાજ ઉપર એ આપનો એક વધુ ઉપકાર થશે.

"પૂજ્ય યોગભિક્ષુજી અને ઓમ્‌પરિવાર ચારે બાજુ ફેલાઈ રહ્યા છે, વધુમાં વધુ વિસ્તાર પામી રહ્યા છે; ત્યારે વધુમાં વધુ કાર્યદક્ષ માણસોની તાતી જરૂર છે. આ બધું પરમ આત્માથી અજાણ્યું ન જ હોય પરંતુ લઘુઆત્માની લાગણી બહાર આવી ગઈ તો લઘુઆત્મા આપની ક્ષમા યાચે છે."

પૂજ્યશ્રીએ ઉપરનો પત્ર વાંચ્યા બાદ તેઓના આશીર્વચનની શરૂઆત કરી. આજનો વિષય એટલો ગહન હતો અને પૂજ્યશ્રી વધુમાં વધુ સરળ રીતે તેને સમજાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા તેથી સતત છ–સાત કલાકથી કાર્યક્રમ–મગ્ન રહેલાં ભાઈ–બહેનો હજી પણ સહેજેય કંટાળ્યા સિવાય પૂજ્યશ્રીને ધ્યાનથી સાંભળી રહ્યાં હતાં.

શ્વાસોશ્વાસ સ્મરણ ચલે

"આપણે સ્વાધ્યાય કરતી વખતે હંમેશા આ લીટી બોલીએ છીએ –

શ્વાસોશ્વાસ સ્મરણ ચલે, નહીં પુણ્ય કે પાપ;
પૂર્ણાનંદ પ્રગટ ભયો, બિના મંત્ર કો જાપ.

ભાવાર્થ : પ્રત્યેક શ્વાસ અને ઉચ્છવાસ લેતી અને મૂકતી વખતે જો સભાન હોઈએ તો પુણ્ય અને પાપથી અસ્પૃશ્ય થઈ જવાય છે. અને તો કોઈપણ પ્રકારના સ્થૂળ મંત્રના જાપ વિના જ પૂર્ણ આનંદ પ્રગટ થાય છે.

"શ્વાસોશ્વાસ સ્મરણ ચલે – પ્રત્યેક શ્વાસ અને ઉચ્છવાસ લેતી–મૂકતી વખતે જો સભાન હોઈએ – આ 'સભાન હોઈએ'માં ખૂબ રહસ્ય છે. ઉપર શું આવ્યું ? શ્વાસોશ્વાસ સ્મરણ ચલે, નહીં પુણ્ય કે પાપ ! હદ કરી નાખી ! બધાં શાસ્ત્રોને ઊડાડી દો, કોઈની જરૂર નથી. જરા ઊંડા ઊતરીને આ લીટી બોલો તો ખરા. પણ તરણા ઓથે ડુંગર રે, ડુંગર

કોઈ દેખે નહીં. સ્મરણ ચાલે ! સ્મરણ ચાલે તો પુણ્ય થાય જ. પાપ અને પુણ્ય; સારા કાર્યો કરીએ તો પુણ્ય થાય, ખોટાં કાર્યો કરીએ તો પાપ થાય. વળી બીજી વાત એ આવી કે સ્મરણ શ્વાસોશ્વાસ ચાલે. શ્વાસે ને શ્વાસે, શ્વાસે ને શ્વાસે સ્મરણ ચાલે – રામ, રામ; કૃષ્ણ, કૃષ્ણ; ગુરુ, ગુરુ – જે કોઈ મંત્ર હોય તેનું શ્વાસે ને શ્વાસે સ્મરણ ચાલી રહ્યું હોય, અને 'નહીં પુણ્ય કે પાપ'; બેમાંથી કોઈ ન થાય ! એ કઈ રીતે બને ? સ્મરણ ચાલે તો પુણ્ય થાય જ અને પછી તેનું ફળ પણ મળે જ. 'પૂર્ણાનંદ પ્રગટ ભયો બિના મંત્રકો જાપ.' આગળ કહ્યું 'શ્વાસો –શ્વાસ સ્મરણ ચલે' અને અહીં કહ્યું 'બિના મંત્રકો જાપ' ! આ વધું શું છે તોફાન ? તોફાન કરવું પડ્યું.

"ઉપરની ચાર લીટીમાં ચાર વેદને સમાવી દીધા. એકેય મંત્રનો જાપ કરવાનો નહીં અને પૂર્ણાનંદને પ્રાપ્ત કરવાનો. પૂર્ણાનંદ પ્રાપ્ત કયારે થાય ? જ્યારે પાપ અને પુણ્યથી ઉપર નીકળી જઈએ. જ્યારે ખૂબ સત્કર્મ કરીએ, એનું ખૂબ પુણ્ય થાય અને પુણ્યનું ફળ સુખ મળે; ત્યારે એ સુખને ભોગવતા હોઈએ તે વખતે વચ્ચે વચ્ચે આપણા હાથે પાપ પણ થઈ જાય. એટલે એ પાપના કારણે પાછું દુઃખ તો આવે જ. દુઃખ અને સુખ બંનેથી જ્યારે પર થઈ જવાય, પાપ અને પુણ્ય બંનેથી જ્યારે ઉપર નીકળી જવાય ત્યારે પૂર્ણાનંદ પ્રગટે; ત્યારે પછી સુખ કે દુઃખ રહે નહીં. આનંદ એ સુખથી, ઉપરની કોટી છે – કહ્યા છે. અને આ બધું થાય શેનાથી ? બિના મંત્રકો જાપ. આગળ કહે છે કે 'શ્વાસોશ્વાસ સ્મરણ ચલે' અને અહીં કહે છે 'બિના મંત્રકો જાપ.' આમ તો મંત્ર ચાલી રહ્યો છે અને છતાંય કહે છે 'બિના મંત્ર' ! ત્યાં શું સમજવાનું છે ?

"આટલા વર્ષોથી જે દટાઈ ચૂકેલું રહસ્ય અને ઘણી વિનંતીઓ છતાં જે પ્રગટ નહોતું કર્યું એ રહસ્ય આજે પ્રગટ થઈ રહ્યું છે. અને હજી કદાચ અમે બોલીશું તે છતાં એ અપ્રગટ જ રહે, અમે પ્રગટ કરી રહ્યા છીએ છતાંય તે અપ્રગટ જ રહે. તમે સમજી શકો એવા શબ્દોમાં અમે કદાચ પ્રગટ ન કરી શકીએ. અથવા અમે સરળ ભાષામાં રજૂ કરતા હોઈએ અને તમે ધ્યાનપૂર્વક સાંભળો તો કદાચ સમજી શકો પરંતુ તમારું ધ્યાન જ ન હોય ! એ વખતે તમારું શરીર ભલે અહીં હોય પરંતુ તમારું મન કયાંય ફરતું હોય; કાં તો તંદ્રામાં મજા કરતા હો કે આ તંદ્રા જ પૂર્ણાનંદ વળી (!) બીજો પૂર્ણાનંદ કયો હતો ?

"શ્વાસોશ્વાસ સ્મરણ ચલે એનો અર્થ શું કર્યો ? શ્વાસે ને શ્વાસે સ્મરણ ચાલે; જો રામ-રામ કરતા હોઈએ તો શ્વાસ અંદર જાય ત્યારે રામ, ઉચ્છવાસ બહાર નીકળે ત્યારે રામ. આપણે આવો અર્થ કરીએ છીએ પરંતુ આ અર્થ નથી. આવો અર્થ કરીએ તો તો તે મંત્રજાપ થયો કહેવાય. શ્વાસોશ્વાસ સ્મરણ ચલે; શ્વાસોશ્વાસ એ જ સ્મરણ થઈ જાય. શ્વાસોશ્વાસ દરમ્યાન એકેય મંત્ર ન હોય. શ્વાસ અને પ્રશ્વાસ એ જ સ્મરણ થઈ જાય એની સાથે બીજું કાંઈ જ ન હોય.

"શ્વાસ અને પ્રશ્વાસથી વધીને વિશ્વમાં કયો મંત્ર છે ?! અતિ ચૈતન્યમંત્ર ! તમારા ચૈતન્યને સ્પર્શીને એ બહાર આવે છે અને જાય છે. ગુરુજી પાસેથી તમે મંત્ર લો ત્યારે તો એમના પ્રાણનો સ્પર્શ થઈ અને વચ્ચેના અવકાશમાં થઈ પછી તમારી પાસે આવે અને તેથી વચ્ચે થોડો ઘસારો આવી જાય. પરંતુ આ તો સીધો તમારા પ્રાણ સાથે થઈને જ આવે છે. તેથી શ્વાસ અને પ્રશ્વાસ એ પોતે જ મંત્ર થઈ જાય; બીજા કોઈ મંત્રના જાપની જરૂર નથી. પરંતુ શ્વાસ અને પ્રશ્વાસને મંત્ર કેવી રીતે બનાવવાના છે ? સભાનપણે. શ્વાસ તો આપણે બધા જ લઈએ છીએ તોય પૂર્ણાનંદરૂપી ફળ બધાને કેમ નથી મળતું ? કારણકે આપણે બેભાનપણે શ્વાસ–પ્રશ્વાસ લઈએ છીએ. બધાં કાર્યો કરતા રહીએ અને છતાંય એ શ્વાસોશ્વાસ જોડે આપણી સભાન અવસ્થા હોય. આ અતિ ગૂઢ અને મૂલ્યવાન રહસ્ય છે જે આજે આ ગુરુપૂર્ણિમાએ તમને પ્રાપ્ત થયું.

"અમે તો આ વાતને સમજાવવાનો ખૂબ પ્રયત્ન કર્યો પણ તમે કેટલું સમજ્યા હશો તેનો આધાર તમારી કેટલી ભૂમિકા છે તેના ઉપર છે. અને છતાંય એક ઈશારો, એક ચમત્કાર, એક વિદ્યુતનો ઝબકાર, એક મહાગુરુમંત્રનો રેલો તમારા સૌ ઉપર ઠેાળી દેવામાં આવ્યો આજે. પછી એના ઉપર તમે કેટલી મહેનત કરો છો તે તમારે જોવાનું છે; પણ આ છેલ્લી ભૂમિકાની વાત છે. એના ઉપર જતાં પહેલાં આગળ જે કાંઈ કર્યું છે અને કરવું પડે છે તે બધાં અહીં પહોંચવા માટેના પગથિયાં છે."

પૂજ્યશ્રીએ આટલા પ્રવચન બાદ ગુરુપૂર્ણિમાની આમંત્રણપત્રિકા હાથમાં લઈને તેમાંનું પ્રેરણાદાયી લખાણ વાંચવા લાગ્યા.

જ્ઞાનામૃતની તૃપ્તિ સ્થૂળ નથી હોતી

"સરોવર તો જળથી છલોછલ ભર્યું છે; પણ સૌ પોતાની શક્તિ મુજબ તેમાંથી જળ પ્રાપ્ત કરી શકે છે. તે નથી તો કોઈને આમંત્રણ આપતું કે નથી તો કોઈને ના કહેતું. સરોવરમાંથી તૃષા છિપાવવા છતાંય કોઈ મૂરખાને તેની ખબર જ નથી રહેતી; તે તો એમ જ કહેતો ફરે છે કે મને સરોવરમાંથી એક ટીપું ય પાણી નથી મળતું અને છતાંય સરોવર તેને પોતાના જળથી તૃપ્ત થવા દે છે.

"પત્રિકામાંની વાત આગળ ચલાવીએ તે પહેલાં આટલી વાતને વધુ વિસ્તારથી સમજીએ; કારણ કે તે અતિ ઉપયોગી છે.

"લોકો બહાર તો એમ જ વાત કરે, કરતા રહે કે અમને સરોવરમાંથી એક ટીપું ય પાણી મળતું નથી; અને સરોવરને એ ખબરેય પડે કે આ લોકો બહાર જઈને આવી વાતો કરે છે! અને તોય સરોવર એમને પાણી આપ્યા જ કરે. સરોવર એમ ન કહે કે તું મારા વિષે આવી વાત કેમ કરે છે? જા, આવતી કાલથી આવીશ નહીં. એ તો આપ્યા જ કરે. કેમ? કારણ કે એ તો એનો સ્વભાવ છે.

સરોવર, તરુવર સંતજન; ફૂલે ફલે પરહેત;
ઈતતે વો પાહન હનત, ઉતતે વો ફલ દેત.

"સરોવર, તરુવર, સંતજન; એમનો સ્વભાવ કેવો છે? બીજાના કલ્યાણ માટે જ જીવવાનો. અહીંથી ઊભી ઊભી એક વ્યક્તિ તરુવરને પથ્થર મારે છે અને ત્યાંથી ઊભું ઊભું તે ફળ આપે છે. તેમનો સ્વભાવ કેવો છે? પરોપકાર; એ જ એમની પ્રાપ્તિ. નીચે ઊભા રહીને આપણે ઝાડને પથ્થર મારીએ ત્યારે એ ઝાડ આપણને ફળ આપે. અને આમ વર્તન કરીએ એટલે કોઈ મૂઢ લોક એ એનો અર્થ એમ કરે કે આપણે એને પથ્થર મારીએ છીએ અને એ આપણને ફળ આપે છે એટલે સંતના માથામાંય વળગાડો એક પથ્થર. તો, એ જડપણું છે; કહેવાનો ભાવાર્થ આપણે સમજવો જોઈએ.

"હવે પત્રિકાનું લખાણ આગળ વાંચીએ. ગુરુ-સંતો પાસેથી પણ આપણને જ્ઞાનામૃતની પ્રાપ્તિ થતી જ રહે છે. જ્ઞાનામૃતની તૃપ્તિ સ્થૂળ જળ જેવી નથી હોતી. તે તૃપ્તિને અનુભવવાની પણ એક પ્રકારની કુશળતા જોઈએ. 'મને મારા ગુરુ-સંત પાસેથી કાંઈ નથી મળતું" એમ કહેવા છતાંય આપણે તેમને છોડી દેતા નથી; તે તેની સાબિતી છે કે તેમના તરફથી આપણને જરૂર કાંઈ મળી રહ્યું છે. તે એવું સૂક્ષ્મ છે કે જેનું વર્ણન આપણે કરી શકતા નથી. પોતાના ગુરુ-સંત પાસેથી જો ખરેખર જ કાંઈ જ ન મળતું હોય તો જેમની પાસેથી મળતું હોય તેમની પાસે જઈને તેમની પાસેથી મેળવવામાં સંકોચ ન રાખવો જોઈએ. આપણા જવા કે ન જવાથી સાચા ગુરુ-સંતના ગુરુ-સંતપણામાં કાંઈ જ ફર્ક પડતો નથી.

"આધ્યાત્મિક જનો સાથે વહેવારિકતાની ભાવના રાખવી તે ઘણા મોટા નુકસાનનો સોદો છે. ગુરુ-સંતો સાથે વહેવારિકતા નહીં; કે ગુરુ-સંતોને ત્યાં આપણે ઘણી વખત ગયા અને ગુરુ-સંતો તો આપણે ત્યાં એકેય વખત નથી આવ્યા; ગુરુ-સંતોને તો આપણે ઘીતિયું (વસ્ત્ર) ઓઢાડયું પણ આપણને તો તેમણે

એકેય વખત ધોતિયું આપ્યું નથી; એમનું કાર્ય તો આપણે કર્યું પણ એ તો આપણું કોઈ જ કાર્ય કરતા નથી; ગુરુ-સંતો આપણને પૂછ પૂછ કરે છે એનો ઉત્તર આપણે આપીએ છીએ અને એ તો આપણા પ્રશ્નનો ઉત્તર આપતા નથી. એ ઉત્તર આપતા નથી તેથી આપણને પૂછે ત્યારે આપણેય ઉત્તર ન આપીએ. તો નુકસાન કોને ? આપણને. ગુરુસંતો આપણને કાંઈ પૂછતા હોય તે આપણા માટે પૂછતા હોય, કે પૂછીને તેમને કોઈ ઉત્તર આપવાનો હોય. તમે ગુરુ-સંતોને કાંઈ પૂછો અને તેનો ઉત્તર ના મળે અને તેથી તમે મનમાં ખોટું લગાડો તો એ કેટલું જડપણું કહેવાય ! કેટલી મૂર્ખતા, ઓછી સમજણ ! એમાં કોનું બગડ્યું ? એ તો તમને પૂછતા'તા તમારા ફાયદા માટે થઈને.

"તો આમ ગુરુ-સંતો સાથે વહેવારિકતાની ભાવના રાખવી એ ઘણો મોટો નુકસાનનો સોદો છે. આ વાત દરેક શિબે-ભક્તે યાદ રાખવા જેવી છે."

પૂજ્યશ્રીના આશીર્વચન બાદ શ્રી શશીકાંતભાઈએ કરનાળી મુકામે સંપન્ન થયેલ સંગીતમય ગાયત્રીમંત્રના સાત દિવસના અખંડ જપયજ્ઞ વિષેનો પ્રેરણાદાયી અહેવાલ રજૂ કર્યો

હવે લગભગ બપોરના સવાબે વાગવા આવ્યા હતા. સવારથી સૌ સાધન-ભજનમાં મસ્ત હતા. ભજન એટલું થયું હતું કે સૌનો જઠરાગ્નિ પ્રદીપ્ત થઈ ગયો હતો. સૌની આ પરિસ્થિતિનો ખ્યાલ કરીને કાર્યક્રમના ઉદ્‌ઘોષક શ્રી પંકજભાઈએ કાર્યક્રમની સમાપ્તિ વિષેની જાહેરાત કરી અને સૌને આગ્રહપૂર્વક જણાવ્યું કે સૌએ પ્રસાદ (ભોજન) લઈને જ જવાનું છે, જો પ્રસાદ લીધા વગર જઈએ તો આજના કાર્યક્રમનું ફળ ન મળે. આ જાહેરાત બાદ પ્રથમ બહેનો-બાળકો અને ત્યાર બાદ ભાઈઓએ પ્રસાદ લીધો.

આજે અનેક ભાઈ-બહેનોએ તળેલું અને તીખો રસ નહીં ખાવાની લીધેલી પ્રતિજ્ઞા વિષેની વાત મેં જ્યારે 'વિશ્વવાત્સલ્ય'ના સહસંપાદક શ્રી મનુભાઈ પંડિતને કરી ત્યારે તેઓ અહોભાવથી ઓટલું જ બોલ્યા કે, 'આ જ ગુરુપૂર્ણિમાની સાચી ઉજવણી. વ્રત લેનાર સૌ કોઈના નામ તમારે 'રુતમ્ભરા'માં છાપવા જોઈએ. મેં હસીને કહ્યું કે કેટલાના નામ છાપીએ ? બધાના નામ છાપવા જઈશ તો આખો અંક ફક્ત નામથી જ ભરાઈ જશે.

❶

> સહયોગ અને આજીવન સહયોગ નોંધવાનો પ્રયત્ન કરવો એ પણ ગુરુસેવાનો એક પ્રકાર જ છે.
>
> – તંત્રી

❶

> જે સહયોગનું રહેઠાણનું સ્થાન બદલાયું હોય તેમણે તેમના નવા સરનામા સાથે પત્ર દ્વારા જાણ કરવી.
>
> – તંત્રી

સ્વાનુભવ

પ્રવિણ શાહ

ઓમ્‌પરિવારમાં સ્વાધ્યાય-સત્સંગનું ખૂબ મહત્ત્વ છે. પ. પૂ. ગુરુદેવ શ્રી યોગબિક્ષુની હાજરીમાં સ્વાધ્યાયમાં બેસીએ અને સ્વાધ્યાય દરમ્યાન પૂજ્ય ગુરુદેવની વાણી એકાગ્રતાથી સાંભળીએ ત્યારે જે માનસિક પ્રસન્નતા પ્રાપ્ત થાય છે તે આધ્યાત્મિક વિકાસમાં ખૂબ જ ઉપયોગી થઈ પડે છે.

એક દિવસ સ્વાધ્યાયમાંથી ઘેર ગયા પછી રાતના સ્વપ્નું આવ્યું –

હું એક જંગલમાં ઝાડ નીચે સૂતો છું. આંખો ઉઘાડી છે. જંગલનાં ઊંચા અને ઘટાદાર વૃક્ષો તરફ આમ તેમ નજર ફેરવ્યા કરું છું. થોડીવારે હું જ્યાં સૂતો હતો તેની સામેની બાજુએથી સાધુ-મહાત્માઓની એક ટોળી આવતી દેખાઈ. પહેલાં આગળ ચાલતા સાધુઓના પગની ચાખડીઓ અને ઉતાવળે ચાલતા પગ દેખાયા... આગળના ભાગમાં ચાલતા સાધુઓના હાથમાં કમંડળો હતાં. એમની પાછળ ચાલતા કેટલાક મહાત્માઓએ એક નનામી ઉપાડેલી હતી. એ નનામીમાં એક નૃત્યાંગના જેવી સ્ત્રી એક પડખે સૂતેલી હતી. મોઢું દેખાતું ન હતું. તેના શરીર પર રેશમી વસ્ત્ર વણેટેલું હતું અને પગમાં કડાં હતાં. બધા સાધુઓ મારી પાસે થઈને પસાર થઈ ગયા. સૌએ ભગવાં વસ્ત્રો પહેરેલાં હતાં. સફેદ જટા અને દાઢી વધેલી હતી. બધા મૌન રાખીને ઝડપભેર ચાલતા હતા. હું તેમને નનામી સાથે જંગલમાં જતા જોઈ રહ્યો. ધીમે ધીમે તેઓ ઘટાદાર વૃક્ષોના ઝુંડમાં દેખાતા બંધ થયા... અને આંખ ખૂલી ગઈ.

મન ખૂબ જ પ્રસન્ન થયું. શરીર એકદમ હળવું થઈ ગયું. થોડીવાર સુધી આંખો બંધ કરીને એ સુખદ સ્વપ્નના દૃશ્યને ફરી ફરીને યાદ કર્યા કર્યું. સ્વપ્નનો સંકેત ધીમે ધીમે સમજાવા લાગ્યો. પરમ-કૃપાળુ પૂ. શ્રી ગુરુદેવની અહૈતુકી કૃપા સિવાય બીજું શું હોઈ શકે ? !

સાધકના જીવનમાં આવા સંકેતો અવાર નવાર થતા હોય છે જેને લીધે જીવનના વ્યવહારોમાં નિર્લેપતા અને નિર્મોહીપણાનો ભાવ આવે છે. કોઈના તરફ આસક્તિ નહિ, કોઈની તરફ અભાવ નહિ મારું-તારું ની ભાવના ક્ષીણ થઈ જાય. બધાની તરફ સદ્‌ભાવ અને સમભાવથી જોવાની ઈચ્છા થાય. કોઈ જાતની લાલસા ના રહે. મન આપમેળે જ કોઈ વાતની કામના કે ઈચ્છા ના કરે અને છતાં એ જીવન ભર્યું ભર્યું લાગે... જીવન જીવવા જેવું લાગે એ કંઈ નાની-સૂની વાત નથી.

બે-અઢી વર્ષ પહેલાંનો આ અનુભવ મનને હંમેશા પ્રફુલ્લિત રાખે છે. સાધના-માર્ગમાં આગળ વધવાની પ્રેરણા આપે છે. સ્વાધ્યાય-સત્સંગમાં વધારે ને વધારે સમય ગાળવાની ઈચ્છા થાય છે. આપણી ગુરુનિષ્ઠા સાચી અને સમજપૂર્વકની હોય તો પ, પૂ. શ્રી ગુરુદેવ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે આપણા આધ્યાત્મિક વિકાસમાં આપણને સહાય કરે છે તે નિર્વિવાદ છે.

પ. પૂ. શ્રી ગુરુદેવ આપણા સૌનું કલ્યાણ કરો.

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગબિક્ષુજી સાથેનાં સંસ્મરણો તથા પ્રેરક પ્રસંગો આવકાર્ય છે.

– તંત્રી

क्लेश, कर्म, कर्मों के फल और वासनाओं से विमुक्त अैसा विशेष चेतन (वेही अेक मात्र) अीश्वर हैं। अीश्वर संपूर्ण सर्वज्ञ हैं। अीश्वर त्रिकालिन गुरुओं के भी गुरु हैं; काल से अुन का छेदन-भेदन नहीं हो सकता। अीश्वर का नाम प्रणव (ओम्=ॐ) है। ओम् का सार्थक जप करने से आत्मसाक्षात्कार होता है और अन्तरायों का अभाव हो जाता है।

પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન :
ઓમ્‌ગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટ
૧૨૮, શ્રીકુંજ સોસાયટી, રત્નાપાર્કની પાછળ,
ઘાટલોડિયા રોડ, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧.
(રજિ. નં. ઈ/૪૪૧૬ તા. ૧૧-૫-૮૧)
આઈ.ટી.ઈ.યુ. ૮૦-૮૧ નં. એચ. કયુ. iii
૩૩-૪૩/૮૬-૮૭ માર્ચ ૧૯૮૬ સુધી

આદ્યસંસ્થાપક તથા આધ્યાત્મિક વડા | પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી

ચેરમેન : શ્રી ભરતભાઈ દેસાઈ
જનરલ સેક્રેટરી : શ્રી વજુભાઈ પટેલ
ખજાનચી : શ્રી દેવચંદભાઈ વી. પટેલ
આજીવન ટ્રસ્ટી : ડૉ. સોમાભાઈ એ. પટેલ
શ્રી રોહિતભાઈ બી. સુખડિયા
શ્રી દામોદરભાઈ એ. પટેલ
ટ્રસ્ટી : શ્રી પંકજભાઈ શાહ
શ્રી નૌષધભાઈ વ્યાસ
શ્રી બિપિનભાઈ શાહ

ટ્રસ્ટના ઉદ્દેશો :

(૧) સર્વવ્યાપક પરમ સૂક્ષ્મ ચેતનતત્ત્વ કે જેનું નામ પ્રણવઃ (ઓમ-ૐ) છે તેની પ્રતીતિ બહુજનસમાજને કરાવવા પ્રયત્ન કરવો. (૨) 'યોગ'નો પ્રચાર, પ્રસાર અને સંશોધન કરવા પ્રયત્ન કરવો. (૩) સમાજનું નૈતિક ધોરણ ઊંચું લાવવા માટે આધ્યાત્મિક જ્ઞાનનેઃ સાહિત્ય દ્વારા પ્રચાર અને પ્રસાર કરવાનો પ્રયત્ન કરવો. (૪) આ ઉપરાંત 'બહુજનહિતાય-બહુજનસુખાય' ને લગતાં કાર્યો જેવાં કે કેળવણી, તબીબી સારવાર વગેરે કરવા માટે પ્રયત્ન કરવો.

વાચકમિત્રોને :

'ઋતમ્ભરા'ને લગતો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.
શ્રી નૌષધભાઈ વ્યાસ
૩, ગંગાધર સોસાયટી, રામબાગ પાછળ, મણીનગર,
અમદાવાદ-૩૮૦ ૦૦૮.

મુદ્રક : ઉમા પ્રિન્ટર્સ
દરિયાપુર ચારરસ્તા, ટાવર પાસે, અમદાવાદ
ટાઇટલ : મોના આર્ટ પ્રિન્ટર્સ, ઓઢવ, અમદાવાદ.
ફોન : ૮૮૭૨૨૩
મુખપૃષ્ઠ : શ્રી કિશોરભાઈ મકવાણા

From :-
ઓમ્‌ગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટ,
૧૨૮, શ્રીકુંજ સોસાયટી, રત્નાપાર્ક પાછળ,
ઘાટલોડિયા રોડ, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧.

To,